કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યઝપેપર | Digital Copy | जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 13 | 6 September 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujrat2025@gmail. com | CANADA |

HSAPS સંસ્થા દ્વારા મટકી ફોડ સાથે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

તા ૧૬ ઓગસ્ટ ૨૦૨૫: શ્રી હરીધામ સોખડા અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા બ્રામ્પ્ટન ફેરગ્રાઉન્ડ્સ હાર્ટ લેક રોડ કેલેડોનના વિશાળ ઓડિટોરિમમાં મટકી ફોડના પ્રોગ્રામ સાથે જન્માષ્ટમીની સુંદર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કૃષ્ણ જન્મના તહેવારને અનુલક્ષીને પૂજ્ય પ્રેમસ્વામીજીની પ્રેરણા અન્વયે 300થી વધારે હરિભક્તોએ સહકુટુંબ સભાખંડમાં એકત્રિત થયીને નંદ મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરી હતી. ઉજવણીની શરૂઆતમાં જયેશભાઈ, અનંતભાઈ, નિસર્ગભાઈ, સ્વરભાઈ, સહજભાઈ, હર્ષભાઈ, કંદર્પભાઇ, ઘનશ્યામભાઈ, ધાર્મિકભાઈની ભજનમંડળીએ કૃષ્ણ ભક્તિના ભજનો ગાયીને હરિભક્તોને ભક્તિરસમાં તળબોળ કરી દીધા હતા.

ત્યારબાદ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીનો રેકોર્ડેડ વિડિઓ કૃષ્ણાવતારને અનુલક્ષીને સંબોધિત કરેલ તેનું દર્શન કરાવવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ પરાવાણી વહેડાવતાં કહ્યું હતું કે ભગવાનનો પૃથ્વી પર અવતાર ધારણ કરીને પધારવાનો હેતુ આપણી ઈન્દ્રિયોની આસુરી વૃત્તિનો અંત કરાવીને દૈવી વૃત્તિ ધારણ કરાવીને ભક્તો અને સંસ્કૃતિની રક્ષા કરવાનો હોય છે. પરદેશની ધરતી પર રહીને પણ આત્માનું સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તો ભગવાન અને ભક્તના સંબંધનો મહિમા હૈયામાં સ્થિર કરવો પડશે.

સંપ, સુહ્રદભાવ, એકતા અને આત્મીયતાનો સંદેશો વહાવીને જણાવ્યું કે કોઈ આત્મીય બને કેના બને પણ મને આત્મીય બનાવશો એવો દ્રઢ ઠરાવ કરવાથી તમને આત્માનું સુખ આપવાની જવાબદારી ભગવાન જરૂરથી પોતાના માથે લે જ.

ત્યારબાદ યુ એસએ ખાતે હરિભક્તોને દર્શનનું સુખ આપીને વિચરણ કરી રહેલા મંદિરના ઉત્તરાધિકારી ગાદીપતિ શ્રીપૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજીનું વિડિઓ દર્શન કરાવીને તેમની પરાવાણીનો લાભ લીધો હતો. તેમણે હરિભક્તોને પાંચ સૂત્રો ઓગળી જવું, જતું કરવું, નમી જવું, ખમી જવું, ભૂલી જવુંનો મહિમા સમજાવતા કહ્યું હતું કે આ વાત પકડી રાખજો તો સૌ પર મહારાજ અને સ્વામીજી રાજી રહેશે જ. ત્યારબાદ નાના ભૂલકા ઓએ બાલકૃષ્ણની વેશ ભુષામાં સજ્જ થયીને સ્ટેજ ઉપર રચયિત દહીં હાંડીનું મટકી ફોડ કરીને સૌને રાજી કરી દીધા હતા. સૌએ નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના નારા સાથે ઉત્સવ ઉજવ્યો હતો. સૌ હરિભક્તોએ વહાલા બાલકૃષ્ણને પારણીયે ઝુલાવવાનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી. અંતમાં કૃષ્ણ આરતી અને સ્વામિનારાયણ આરતી કરીને કૃત કૃત્યતા અનુભવી હતી.

શ્રી સર્વાતીતભાઈએ ફોટોગ્રાફીની સેવા, મીડિયા ટીમે પ્રોજેક્ટર મેનેજ અને શ્રી મિતભાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સફળતાથી કર્યું હતું. અંતમાં રસોડા ટીમ શ્રી અમ્બરીષભાઈ, પિયુષભાઈ, પ્રજ્ઞેશભાઈ, રાજભાઈ, જયભાઈ અને અમિતભાઈ દ્વારા ગુલાબજાંબુ, નાન ચણાનો પ્રસાદ લઈને ભક્તિ સભર હૈયે બધા વિખેરાયા હતા....

સાપ્તાહિક રાશિ ભવિષ્ય

6 સપ્ટેમ્બરથી આવતા શનિવાર સુધી

મેષ રાશિ અ, લ, ઈ તમારે તમામ પ્રકારની મુસાફરી કરવી જોઈએ, નહીં તો તમે કંટાળો અને તાણ અનુભવો છો. જેની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય પર પડે. કેટલીક મહત્વપૂર્ણ યોજનાઓ લાગુ કરવામાં આવશે, જે તમને સારા અને તાજા આર્થિક લાભ આપશે.

વૃષભ રાશિ બ, વ, ઉ આ સમયગાળામાં પ્રાણાયામ કરીને તમે તમારી ઘણી સમસ્યાઓ દૂર કરી શકો છો. આ કિસ્સામાં, તમારી ઊર્જા આ અઠવાડિયામાં ઘણાં કામ પર ખર્ચવાને બદલે ફક્ત તે કાર્યો પર જ ધ્યાન કેન્દ્રિત કરો જે જરૂરી છે.

મિથુન રાશિ ક, છ, ઘ તમારે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવા પડશે, જેના કારણે તમને તાણ અને ચિંતાનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં તમારા મન અને વિચારને કાબૂમાં રાખો અને જો તમને કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી આવી રહી છે, તો મોટા કોઈની મદદ લો.

કર્ક રાશિ ડ, હ તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરો છો, તો તે દૃશ્યમાન થશે. આ સમય દરમિયાન, તમારે તમામ પ્રકારની લાંબી અંતરની યાત્રાઓ લેવાનું ટાળવું પડશે અને જો કોઈ મુસાફરી જરૂરી હોય તો, તમારી તબીબી તપાસ કર્યા પછી જ કોઈપણ યાત્રા માટે જશો.

સિંહ રાશિ મ, ટ નિયમિત કસરત તમને ફીટ રાખવામાં મહત્વની ભૂમિકા નિભાવશે. આ સમય દરમિયાન, તમારા સ્વાસ્થ્યમાં ઘણા સારા ફેરફારો જોવા મળે છે. જેમને મેદસ્વીપણાની સમસ્યા હોય તેમના માટે સમય ખાસ સારો રહેશે. નવા સ્ત્રોતોથી પૈસા મળશે, જે તમારું મન પ્રસન્ન કરશે.

કન્યા રાશિ પ, ઠ, ણ તમને કોઈ મોટો રોગ નહીં થવા દે. જો કે વચ્ચે થોડીક નાની શારીરિક સમસ્યાઓ થશે, પરંતુ હજી પણ આ સમય દરમિયાન તમારું સ્વાસ્થ્ય નોંધપાત્ર રીતે સુધરશે અને તમે તમારા સ્વાસ્થ્યમાં સકારાત્મક ફેરફારો અનુભવો છો.

તુલા રાશિ ર, ત તમારે કોઈ કારણસર મુસાફરી કરવી પડી શકે છે, જેના કારણે તમને થોડીક થાક અને તાણનો અનુભવ થશે. તેથી, તમારા માટે તે વધુ સારું રહેશે કે હવે, કોઈપણ યાત્રા પર જવાનું ટાળો અને તમારા શરીરને વધુને વધુ આરામ આપો.

વૃશ્ચિક રાશિ ન, ય તમે રમત જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેશો, તે તમને સ્વસ્થ રાખવામાં મદદરૂપ થશે. રમતી વખતે, દરેક ચેપને રોકવા માટે તમે પહેરેલી દરેક વસ્તુ પહેરવાની પણ જરૂર રહેશે. તમારા દ્વારા નિવેશ કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ અને નાણાકીય સુરક્ષામાં વધારો કરી શકે છે.

ધન રાશિ ભ, ધ, ફ, ઢ તમારે દરરોજ વર્કઆઉટ, યોગ અથવા કસરતથી પ્રારંભ કરવો પડશે. આ સમય દરમિયાન, જો તમે તમારા પરિવારના સભ્યોને પણ પ્રોત્સાહિત કરો છો, તો પછી તમે તમારી જાતને અને તેમને સ્વસ્થ રહેવામાં સફળ થઈ શકો છો.

મકર રાશિ ખ, જ સ્વાસ્થ્ય સમસ્યાઓ તમને પરેશાની આપી શકે છે. જેના કારણે તમે તમારા જીવનનો આનંદ માણવાથી પણ વંચિત રહી શકો છો અને શક્ય છે કે આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણ સ્વસ્થ નહીં રહે. તમે ઘણા ગુપ્ત સ્ત્રોતો અને સંપર્કોથી સારી કમાણી કરશો.

કુંભ રાશિ ગ, સ, શ, ષ તબિયત નબળી હોવાને કારણે તમે આત્મવિશ્વાસનો અભાવ જોશો. આવી સ્થિતિમાં, તમારે પોતાને માનવું પડશે કે બહાદુરી એ તમારી પોતાની વાસ્તવિક ઓળખ છે. શક્ય તેટલું, તમારા બાળકો સાથે તમારો કિંમતી સમય પસાર કરો.

મીન રાશિ દ, ચ, ઝ, થ તમે સકારાત્મક ઊર્જા ગુમાવી હતી, આ અઠવાડિયે તમારી પાસે પુષ્કળ સકારાત્મક ઊર્જા હશે. તેથી, તમારી ઊર્જાને યોગ્ય દિશામાં વાપરો અને તેમાંથી સારો નફો મેળવો, નહીં તો આ અઠવાડિયે વધારાનું કામનો ભાર તમારા ક્રોધનું કારણ બનશે.

શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054
વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો

તંત્રી લેખ

શ્રાદ્ધ એટલે વડવાઓને યાદ કરવાનો સમય છે કે આજે આપણે જે પણ છીએ, તે તેમના કારણે છીએ

Jai Jai Garvi Gujarat!

વ્હાલા વાચક મિત્રો,

આપણે કેનેડામાં રહીએ છીએ, પણ આપણને આપણા દેશના તહેવારો અને રીતરિવાજો ખૂબ યાદ આવે છે. સપ્ટેમ્બર મહિનો, તેમજ ભાદરવો, આપણા માટે ખૂબ ખાસ અને ધાર્મિક મહિનો છે. આ મહિનામાં આપણે તહેવારનો આનંદ પણ માણીએ છીએ અને આપણા વડવાઓને પણ યાદ કરીએ છીએ.

આપણે સૌએ દસ દિવસ માટે ગણપતિ બાપ્પાને ખૂબ જ પ્રેમ અને ધામધૂમથી બેસાડ્યા. આરતીનો અવાજ સંભળાતો હતો. પછી આપણે તેમની મૂર્તિનું વિસર્જન કર્યું. આ વિસર્જન આપણને શીખવે છે કે જે પ્રતિમા બને છે, તે એક દિવસ તેનું વિસર્જન થાય છે. પણ આપણી શ્રદ્ધા અને ભગવાનનો સાથ હંમેશા રહે છે. એટલે જ આપણે કહીએ છીએ, "ગણપતિ બાપ્પા મોરયા, આવતા વર્ષે જલ્દી પુનઃ આવજો". આ બતાવે છે કે આપણી આશા અને વિશ્વાસ ક્યારેય પૂરા થતા નથી.

ગણપતિ બાપ્પા જાય એટલે શ્રાદ્ધના ૧૬ દિવસો શરૂ થાય છે. આ દિવસો આપણા વડવાઓને, એટલે કે પૂર્વજોને યાદ કરવાના છે. આપણે તેમના માટે પ્રાર્થના કરીએ છીએ અને તેમનો આભાર માનીએ છીએ. શ્રાદ્ધ એટલે દુઃખી થવાના દિવસો નથી. પણએ યાદ કરવાનો સમય છે કે આજે આપણે જે પણ છીએ, તે આપણા વડવાઓને કારણે છીએ. આપણે ભલે વિદેશમાં રહીએ, પણ આપણા વડવાઓને યાદ કરીને આપણે આપણા બાળકોને આપણી સંસ્કૃતિ શીખવી શકીએ છીએ.

આ જ દિવસોમાં ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિવસ પણ આવે છે. આ દિવસે આપણે આપણા શિક્ષકોને યાદ કરીને તેમનો આભાર માનીએ છીએ. સાચું કહીએ તો, આપણા સૌથી પહેલા શિક્ષક છે આપણા વડવાઓએ પણ આપણને ઘણું શીખવ્યું છે. આ રીતે, શ્રાદ્ધ અને શિક્ષક દિવસ, બંનેમાં આપણે આપણને શીખવનાર અને માર્ગ બતાવનાર લોકોનો આભાર માનીએ છીએ.

ટૂંકમાં, સપ્ટેમ્બર મહિનો આપણને શીખવે છે કે જીવનમાં ખુશીના તહેવારો પણ જરૂરી છે અને શાંતિથી આપણા વડીલોને યાદ કરવા પણ જરૂરી છે. ચાલો, આપણે સૌ આ મહિનામાં ભગવાનના આશીર્વાદ લઈએ, વડવાઓને યાદ કરીએ અને ગુરુઓનો આભાર માનીએ. આમ કરીને આપણે કેનેડામાં પણ આપણી સારી સંસ્કૃતિને જાળવી રાખીશું.

સુજ્ઞેશ પટેલ (તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો

જિંદગીનોએ જ સાચેસાચ પડઘો છે 'ગની', હોયના વ્યક્તિને એનું નામ બોલાયા કરે.

ગની દહિંવાલા- ડો પ્રકાશભાઈ ઠક્કર, કાલોલ ગુજરાત (સંકલન)

Happy Birthday

આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિઃશુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.

આપ સૌ વાચક મિત્રોના ઉત્સાહ પ્રેરક સહકારથી પ્રેરિત થઈને આપ સમક્ષ ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં

ગરવી ગુજરાત ન્યુઝ પેપરના આ અંકમાં **સાપ્તાહિક જ્ઞાન ક્વિઝમાં ગયા સપ્તાહના જવાબો તથા વિજેતા.** દર અઠવાડિયે ગરવી ગુજરાત ન્યુઝ પેપરના કોઈપણ પેજ ઉપર ક્વીઝ આપવામાં આવશે. જેમાં આઠ પ્રશ્નો હશે તેના સૌ પ્રથમ સાચા જવાબ આપનાર ત્રણ વિજેતા પછીના અંકની ક્વિઝ સાથે નામ ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં જાહેર કરવામાં આવશે

સાપ્તાહિક જ્ઞાન ક્વિઝ
તમારું જ્ઞાન અજમાવો –
જવાબો આવતા અંકમાં જાહેર કરાશે!

આજની ક્વિઝના પ્રશ્નો:
સાપ્તાહિક જ્ઞાન ક્વિઝ -5
(Multiple Choice)

1. ભારતનું રાષ્ટ્રીય ફૂલ કયું છે?
   a) ગુલાબ
   b) ચમેલી
   c) કમળ
   d) ચંપો
2. ઓલિમ્પિક રમતોનું પ્રતીક ચિહ્ન કયું ?
   a) પાંચ વલયો
   b) દીવો
   c) ધ્વજ
   d) તલવાર

3 - એશિયાની સૌથી ઊંચી પર્વતમાળા કઈ ?
   a) આલ્પ્સ
   b) હિમાલય
   c) રોકી માઉન્ટેન
   d) આન્ડિઝ

4 - 'પંચાયત રાજ' વ્યવસ્થા સૌપ્રથમ ક્યા રાજ્યમાં શરૂ થઈ હતી?
   a) પંજાબ
   b) રાજસ્થાન
   c) ગુજરાત
   d) મહારાષ્ટ્ર

5. 'પૃથ્વીરાજ રાસો' ગ્રંથના કવિ કોણ હતા?
   a) કાલિદાસ
   b) બાણભટ્ટ
   c) ચંદ બર્દાઈ
   d) તુલસીદાસ
6. ચા પત્તાની સૌથી મોટી ઉત્પાદક રાજ્ય કયું છે?
   a) આસામ
   b) કેરળ
   c) ગુજરાત
   d) પંજાબ
7. ભારતનું સૌથી મોટું રાજ્ય વિસ્તાર મુજબ કયું છે?
   a) ઉત્તર પ્રદેશ
   b) રાજસ્થાન
   c) મધ્ય પ્રદેશ
   d) મહારાષ્ટ્ર
8. વિશ્વ પર્યાવરણ દિવસ ક્યારે ઉજવાય છે?
   a) 5
   b) 22 એપ્રિલ
   c) 14 નવેમ્બર
   d) 1 જાન્યુઆરી

વાચક મિત્રો આ રહ્યા પ્રથમ જ્ઞાન ક્વિઝ-4ના 8 સવાલોના જવાબો તથા ક્વિઝના વિજેતા

Q-1 = B	Q-3= D	Q-5= C	Q-7 = A
Q-2 = A	Q-4= A	Q-6 = B	Q-8 = B

આપના જવાબો +14373130062 આ વ્હોટ્સએપ નંબર પર મોકલવા.

Amidharbhai Bhatt, Brampton, Canada

Parth Savaliya Brampton Canada

Parth Patel New Brunswick Canada

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

SINCE 2000

scan me

1,40,000 કરતાં વધુ ફેમિલી ટૂર ના સફળ આયોજક

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

ઓક્ટોબર

- **સ્વિટ્ઝર્લૅન્ડ અને પેરિસ** — 09 રાત્રિ - 10 દિવસ — 22 ઓક્ટોબર
- **આઈસલેન્ડ** — 09 રાત્રિ - 10 દિવસ — 22 ઓક્ટોબર
- **તુર્કી** — 10 રાત્રિ - 11 દિવસ — 21 ઓક્ટોબર
- **અમેરિકા** — 12 રાત્રિ - 13 દિવસ — 22 ઓક્ટોબર
- **સાઉથ આફ્રિકા** — 11 રાત્રિ - 12 દિવસ — 20, 22, 23 , 31 ઓક્ટોબર
- **ન્યુઝીલેન્ડ** — 12 રાત્રિ - 13 દિવસ — 19, 20, 22 ઓક્ટોબર
- **ઓસ્ટ્રેલિયા** — 12 રાત્રિ - 13 દિવસ — 19, 21, 22, 23 ઓક્ટોબર
- **વિયેતનામ** — 08 રાત્રિ - 09 દિવસ — 21,23,24 ઓક્ટોબર
- **શ્રીલંકા** — 07 રાત્રી - 08 દિવસ — 12, 22, 23 ઓક્ટોબર
- **વિયેતનામ** — 10 રાત્રિ - 11 દિવસ — 23 ઓક્ટોબર
- **અઝરબૈજાન** — 07 રાત્રી - 08 દિવસ — 20, 22, 23, 24, ઓક્ટોબર
- **અઝરબૈજાન & જ્યોર્જિયા** — 11 રાત્રિ - 12 દિવસ — 22 ઓક્ટોબર

ડિસેમ્બર - 2025 થી માર્ચ - 2026

- **ઓસ્ટ્રેલિયા** — 11 રાત્રિ - 12 દિવસ — 07 ડિસેમ્બર, 20 જાન્યુઆરી, 06 ફેબ્રુઆરી , 16 ફેબ્રુઆરી
- **ન્યુઝીલેન્ડ** — 11 રાત્રિ - 12 દિવસ — 19 જાન્યુઆરી, 15 ફેબ્રુઆરી - 06 માર્ચ
- **ન્યુઝીલેન્ડ & ઓસ્ટ્રેલિયા** — 17 રાત્રિ 18 દિવસ — 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી
- **સાઉથ આફ્રિકા** — 10 રાત્રિ - 11 દિવસ — 12 ડિસેમ્બર - 18 જાન્યુઆરી, 12 ફેબ્રુઆરી - 22 માર્ચ
- **આઈસલેન્ડ** — 09 રાત્રિ - 10 દિવસ — 01 માર્ચ
- **વિયેતનામ** — 08 રાત્રિ - 09 દિવસ — 08 જાન્યુઆરી - 15 જાન્યુઆરી, 20 ફેબ્રુઆરી - 02 માર્ચ
- **સ્કેન્ડીનેવ્યા** — 12 રાત્રિ - 13 દિવસ — 15 માર્ચ

હેડ ઓફિસ

એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ,
સી.જી. રોડ અમદાવાદ–૩૮૦૦૦૯, ગુજરાત

બ્રાંચ ઓફિસ નિકોલ (અમદાવાદ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ
જામનગર - ગાંધીનગર - કલોલ

+91 99989 77746, +91 7574000353

www.bestvoyage.in

સફળ અને સુખી બનવા માટેની થોડી પ્રેરણાદાયક વાતો

લેખક- નિર્મળાબેન દરજી કેનેડા

હંમેશાં હસતા રહેવાથી અને ખુશનુમા રહેવાથી પ્રાર્થના કરતા પણ વધારે જલ્દી ઈશ્વરની નજીક પહોંચાય છે.

જો માનવીને સુંદર ઘર બાંધતા આવડે તો તેવા ઘરમાં સુંદર રીતે જીવતાં કેમ ન આવડે?

પ્રભુ છે અને સર્વત્ર છે. આ તથ્ય આપણે બોલીએ તો છીએ પણ આપણું આચરણ એવું છે કે જાણે પ્રભુ ક્યાંય છે જ નહીં. માણસ ભલે ચંદ્ર સુધી પહોંચ્યો પણ પૃથ્વી પરના મનુષ્યના હૃદય સુધી પહોંચવાનું હજી બાકી છે.

જે મનુષ્ય ઘરને તીર્થ ન ગણે તે ગમે તેવા તીર્થમાં જાય તોય તેનાથી ઠરે નહીં. સમસ્ત બ્રહ્માંડમાં એક જીભ જ એવું સ્થળ છે જ્યાં અમૃત અને વિષ બંનેને એક સાથે રહે છે.

ખુશ રહેવા માટે ઘણું બધુ ભેગું કરવું પડે છે. એ આપણી સમજ છે. પરંતુ ખુશ રહેવા માટે ઘણું બધુ જતું કરવું પડે છે. એ એક હકીકત છે.

સાચા સબંધને તોડવાનો ક્યારેય વિચાર ન કરવો પડે કે ઝાડ પરથી પડી ગયેલા પાંદડાં ક્યારેય લીલાં થતાં નથી. એવું વિચારીને ક્યારેય નારાજ ન થવું કે કામ આપણે કરીએ છીએ અને નામ બીજાનું થાય છે. ઘી અને રૂ સદીઓથી સળગતા આવ્યા છે. છતાંય લોકો કહે છે કે દિવો બળે છે.

ભગવાન કહે છે કે જીવનમાં ક્યારેય નિરાશ ન થા. હું તારી સાથે છું, તારી સામે નહીં... પણ તારી આસપાસ છું. બસ આંખ બંધ કર અને મને યાદ કર હું બીજું કોઈ નથી તારો વિશ્વાસ છું.

સબંધો છે ભાઈ ક્યારેક માનવું પડે અને ક્યારેક મનાવવાય પડે ખુલાસો કરવાથી મન હળવું થાય પણ ખોટી જીદને પકડી રાખવાથી કોઈનું ભલું નહીં થાય. ગમે તેટલા દૂર હોય, તો પણ આપણા એટલે આપણા જ રહે.

સતત બોલતું વ્યક્તિ અચાનક ચુપ થઈ જાય તો સમજવું કે શબ્દોની ખોટ નહીં પણ લાગણીની ખોટ પડી છે.

પરિસ્થિતિ બદલવી જ્યારે અશક્ય હોય તો મનની સ્થિતિ બદલી નાંખવી તો જીવનમાં બધુ જ આપોઆપ બદલાઈ જશે. કારણ કે પરિવર્તન એ જ સૃષ્ટિનો નિયમ છે. જીવનની દરેક પળ ખુશીથી જીવવી જોઈએ. જેમ કે દરેક પળમાં કંઈક જાણવા મળે છે. ક્યારેક ખુશી તો ક્યારેક ગમ મળે છે. બાકી સવારને સાંજ તો રોજ પડે છે.

જીવનમાં સૌથી સહેલું ને અઘરૂ શું છે ? ભુલ બીજા કરે ત્યારે કહેવું સહેલું છે. અને જ્યારે આપણાથી થાય ત્યારે સ્વિકારવું અઘરૂ છે.

સફળ માણસ એ જ છે કે જે તૂટેલાને બનાવી જાણે અને રૂઠેલાને મનાવી જાણે. બાકી લાંબી જીભ અને લાંબો દોરો વધારે ગુંચવાઈ જાય છે.

સહનશીલતા એ સ્વભાવ નહીં સંસ્કાર છે. ત્રાજવું વજન માપી શકે ગુણવત્તા નહીં. આગળ વધવાવાળા બીજાને ક્યારેય અટકાવતા નથી અને બીજાને અટકાવવા વાળા ક્યારેય આગળ વધતા નથી. ગુસ્સો માણસને મામુલી બનાવે છે. મદદ માણસને મોટો બનાવે છે. જ્યારે ક્ષમા માણસને મહાન બનાવે છે. થાક દરેક વ્યક્તિને લાગે છે. કોઈકને જિંદગીથી તો કોઈકને જવાબદારીથી.

સપનાં તોડજો પણ સંપ ના તોડતા.

દરિયો પણ અજીબ રીત નિભાવે છે. શ્વાસ હોય ત્યાં સુધી ડુબાડે છે. અને શ્વાસ છૂટે પછી કિનારો બતાવે છે. સ્વાર્થી લોકો પણ આવા જ હોય છે.સફળ વ્યક્તિના હોઠ પર બે ચીજ હંમેશા રહેતી હોય છે. મૌન અને સ્મિત. મૌન સમસ્યાઓ ટાળવા માટે અને સ્મિત સમસ્યાઓ ઉકેલવા માટે. દરેક વ્યક્તિ સફળતાની પોતાની વ્યાખ્યા ધરાવે છે. વિશ્વ સતત બદલાઈ રહ્યું છે. સફળ થવા માટે આપણે પણ બદલાવું પડે છે. કોઈ પણ વ્યક્તિ એકલો સફળ થઈ શકતો નથી.

તેમાં તેના પરિવાર, મિત્રો અને સાથીદારો સાથેના મજબૂત સબંધો તેણે ભાવનાત્મક ટેકો આપે છે. જ્યારે વ્યક્તિ પડકારોનો સામનો કરે છે. ત્યારે તેને પ્રોત્સાહિત કરે છે.

કોઈ પણ કાર્યમાં સફળ થવા માટે સતત પ્રયાસો જરૂરી હોય છે. નિષ્ફળ થતાં પણ હાર ન માનવી. નિષ્ફળતા એજ સફળતાની ચાવી છે. સફળતા માટે સકારાત્મક વિચારસરણી હોવી જરૂરી છે. સફળતા રાતોરાત મળતી નથી. તેના માટે વર્ષોની મહેનત અને સમર્પણ ની જરૂર પડતી હોય છે. તેના માટે ખૂબ જ ધૈર્યની જરૂર પડે છે.

સફળતા માટે લક્ષ્ય નક્કી કરી તેના તરફ આગળ વધવું જોઈએ. નકારાત્મક વિચારોથી દૂર રહેવું જોઈએ. આપણે આપણું મન અને શરીર સ્વસ્થ રાખવું એ પણ સફળતા માટે જરૂરી છે.

સફળતા એ માત્ર મંઝિલ નથી. પરંતુ એક સફર છે. આ સફરનો આનંદ માણવો જોઈએ.

એક્સપ્રેસ એન્ટ્રી કાયમી નિવાસ અરજીઓ માટે નવી તબીબી પરીક્ષા આવશ્યકતાઓ અમલમાં આવી છે

21 ઓગસ્ટથી, એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ દ્વારા કેનેડિયન કાયમી નિવાસ (PR) માટે નવા અરજદારોએ તેમની અરજી સબમિટ કરવા માટે અપફ્રન્ટ ઇમિગ્રેશન મેડિકલ પરીક્ષા (IME) પૂર્ણ કરવાની જરૂર પડશે - સિવાય કે તેઓ ચોક્કસ મુક્તિઓ પૂર્ણ કરે.

આ ફેરફાર પહેલાં, ઇમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા (IRCC)ની વિનંતી પર, વિદેશી નાગરિક દ્વારા PR માટે અરજી સબમિટ કર્યા પછી IME પૂર્ણ કરવાની હતી.

કેટલાક ઉમેદવારો જો નીચે દર્શાવેલ બધી શરતો પૂર્ણ કરે, તો તેમને આ ફેરફારમાંથી મુક્તિ મળશે, જેમાં છેલ્લા પાંચ વર્ષમાં IME પૂર્ણ કરવાનો સમાવેશ થાય છે.

મુક્તિ મેળવવા માટે, એક્સપ્રેસ એન્ટ્રી અરજદારે નીચેની બધી શરતો પૂર્ણ કરવી આવશ્યક છે:

તેઓએ અગાઉ છેલ્લા પાંચ વર્ષમાં IME પૂર્ણ કર્યું હતું.

તેમના અગાઉના IMEએ સૂચવ્યું હતું કે તેઓ કેનેડિયન જાહેર આરોગ્ય અને જાહેર સલામતી માટે ઓછા જોખમી અથવા કોઈ જોખમ નથી.

તેઓ પહેલાથી જ કેનેડામાં રહે છે.

IRCC ઉમેદવારોને ફક્ત ત્યારે જ IME પૂર્ણ કરવાની સલાહ આપે છે જો તેમને PR માટે અરજી કરવા માટે (ITA) આમંત્રણ મળ્યું હોય.

IME સામાન્ય રીતે પરીક્ષાની તારીખથી 12 મહિના માટે માન્ય હોય છે.

IME ઉમેદવાર અને તેમના નજીકના પરિવારના બધા સભ્યો (જીવનસાથી / કોમન-લો પાર્ટનર, આશ્રિત બાળકો અને આશ્રિત બાળકોના આશ્રિત બાળકો) દ્વારા પૂર્ણ કરવા આવશ્યક છે, જેમાં ઉમેદવાર સાથે કેનેડા ન હોય તેવા પરિવારના સભ્યોનો પણ સમાવેશ થાય છે.

ANB Immigration Services, Toronto, Canada
905 230 4737

વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર દ્વારા મારા પ્રોવિન્શિયલ પાર્ક ખાતે સફળતાપૂર્વક બીચ પિકનિકનું આયોજન

તારીખ:24 ઑગસ્ટ, 2025

સ્થળ: મારા પ્રોવિન્શિયલ પાર્ક, ઓન્ટારિયો

વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર દ્વારા 24 ઑગસ્ટ, 2025ના રવિવારે મનોહર અને શાંતિમય પ્રોવિન્શિયલ પાર્ક ખાતે આનંદમય બીચ પિકનિકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પવિત્ર પ્રસંગે 175 મહેમાનો, જેમાં Senior, બાળકો, યુવક-યુવતીઓ અને પરિવારોનો ઉલ્લાસભેર સમાવેશ થયો.

આ પવિત્ર અને રમૂજી દિવસમાં ભાગ લેનારોએ વિવિધ રમતો - વૉલિબોલ, ક્રિકેટ અને કબડ્ડી જેવી લોકપ્રિય રમતોમાં ભાગ લીધો અને આનંદ માણ્યો. સ્વયંસેવકો દ્વારા પ્રેમથી તૈયાર કરેલા શાકાહારી ભોજન અને નાસ્તા સાથે સૌનું હાર્દિક સેવાભાવે સ્વાગત થયું.

આ કાર્યક્રમ વડતાલધામ મંદિરની સમુદાય સાથેની એકતા, ભારતીય સંસ્કૃતિના જતન અને સંતુલિત જીવનશૈલી પ્રત્યેની પ્રતિબદ્ધતાનો જીવંત પુરાવા રૂપ રહ્યો. Senior તથા નાના બાળકો માટે ખાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી જેથી તેમનો આરામ અને આનંદ સુનિશ્ચિત થઈ શકે.

વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર તમામ સ્વયંસેવકો, આયોજકો અને ઉપસ્થિત ભક્તજનોનો આભાર વ્યક્ત કરે છે જેમના તન-મન-ધનથી આ પવિત્ર કાર્યક્રમ સફળ બની શક્યો. મંદિર ભવિષ્યમાં પણ આવા સંગઠિત કાર્યક્રમો દ્વારા સમાજસેવા, ભક્તિ અને સંસ્કારનું બીજ રોપતું રહેશે.

મંદિરનું એડ્રેસ - Unit 3 2400 Finch Avenue West North York M9M 2C8

વધુ માહિતી માટે સંપર્ક કરો: ધવલ સોની - 647-236-4148, વિપુલ પટેલ - 416-880-2962

કર્મ અને નીતિથી માણસની ઓળખ

લેખક - શ્રી ભરતભાઈ ભાનુશાલી વિસનગર - ગુજરાત

માનવ જીવનનું સાચું સૌંદર્ય તેના વસ્ત્રો કે દેહસૌંદર્યમાં નથી પરંતુ તેના વર્તન, કર્મ અને નીતિમાં રહેલું છે. માણસ કેટલો પણ ધનિક હોય, કેવાંયે સારા કપડાં પહેરે, પણ જો તેના જીવનમાં સદાચાર, કરુણા, ઈમાનદારી અને શ્રેષ્ઠ કાર્ય ન હોય તો તેની ઓળખ સદાય અધૂરી જ રહે છે. સમાજ માણસને કપડાંથી નહીં, પરંતુ તેના સદ્ગુણોથી ઓળખે છે.

કર્મએ માણસની જીવનયાત્રાનું સાચું શણગાર છે. સારા વિચારો સાથે જો સારા કાર્ય કરવામાં આવે તો તે વ્યક્તિને સર્વત્ર માન-સન્માન મળે છે. ઈતિહાસ સાક્ષી છે કે મહાન વ્યક્તિઓએ પોતાના જીવનમાં વૈભવ કે વૈભવી કપડાં નહીં, પરંતુ શ્રેષ્ઠ કર્મ અને ઉચ્ચ નીતિના કારણે જગતના હૃદયમાં સ્થાન મેળવ્યું છે.

> કર્મ અને નીતિથી માણસ ની ઓળખ થાય છે.
>
> બાકી સારા કપડાં તો મોલ માં પૂતળા પણ પહેરે છે.

મહાત્મા ગાંધી સાદા કપડાં પહેરતા હતા, પરંતુ સમગ્ર વિશ્વ તેમને “મહાત્મા” તરીકે ઓળખે છે. તેનું કારણ તેમના સાદગીભર્યા જીવન સાથે સત્ય અને અહિંસાની નીતિ હતી. તેમ જ ઘણા મહાન સંતો, કવિઓ અને વિદ્વાનો પણ સારા કપડાં કરતાં સારા આદર્શો માટે યાદ રાખવામાં આવ્યા છે.

નીતિએ માણસના વર્તનની દિશા બતાવનારી દિશાસૂચક છે. નીતિવિહોણું જીવનએ વહાણ વિના નાવ જેવું છે, જે ક્યારેય કિનારે પહોંચી શકતું નથી. માણસે પોતાના જીવનમાં નૈતિક મૂલ્યોને સ્થાન આપવું જોઈએ. સત્ય, ઈમાનદારી, દયા, પરોપકાર અને અખંડ શ્રદ્ધાએ નીતિના મુખ્ય આધારસ્તંભો છે.

જ્યારે માણસ સદાચારી જીવન જીવવા પ્રયત્ન કરે છે, ત્યારે તે માત્ર પોતાનું જ નહીં પરંતુ સમગ્ર સમાજનું કલ્યાણ કરે છે. કારણ કે માણસના સારા વર્તનથી બીજાને પ્રેરણા મળે છે. સદાચારી જીવન જીવતો માણસ સમાજમાં વિશ્વાસ અને સન્માન પામે છે.

બીજી બાજુ, ફક્ત દેખાવ માટે મોંઘાં કપડાં પહેરવાથી કે વૈભવી જીવન જીવવાથી કોઈને સાચું સન્માન મળતું નથી. આજના યુગમાં ઘણા લોકો બહારથી વૈભવી દેખાય છે પરંતુ અંદરથી ખોટા વર્તન અને અનૈતિક જીવનને કારણે લોકો તેમના પ્રત્યે સન્માન નથી રાખતા.

સાચી ઓળખ કપડાં કે સંપત્તિથી નહીં, પણ માણસના વાણી, વર્તન અને કર્મોથી થાય છે. માણસના શબ્દો મધુર હોવા જોઈએ, કર્મ નિષ્ઠાપૂર્વક કરવા જોઈએ અને જીવનમાં નૈતિકતા હોવી જોઈએ. ત્યારે જ જીવનનું સાચું સૌંદર્ય ઉજાગર થાય છે.

પ્રત્યેક વ્યક્તિએ પોતાના દૈનિક જીવનમાં આ પ્રશ્ન પૂછવો જોઈએ કે “હું મારા કર્મ અને નીતિથી કેટલી સારી ઓળખ બનાવી શકું છું?” જો આપણું જીવન સદાચારપૂર્ણ હશે તો આપણી ઓળખ કદી નાશ પામશે નહીં.

આથી, સારા કપડાં માત્ર દેહને ઢાંકે છે, પરંતુ સારા કર્મ અને નીતિ સમગ્ર જીવનને શણગારે છે. માણસે ક્યારેય બહારની ચમકમાં ફસાઈ જવું જોઈએ નહીં, પરંતુ આંતરિક મૂલ્યોને પ્રાથમિકતા આપવી જોઈએ.

આથી, સારા કપડાં માત્ર દેહને ઢાંકે છે, પરંતુ સારા કર્મ અને નીતિ સમગ્ર જીવનને શણગારે છે. માણસે ક્યારેય બહારની ચમકમાં ફસાઈ જવું જોઈએ નહીં, પરંતુ આંતરિક મૂલ્યોને પ્રાથમિકતા આપવી જોઈએ.

અંતે એટલું જ કહી શકાય કે - માનવીનું સાચું સૌંદર્ય તેના કર્મમાં અને સાચી ઓળખ તેની નીતિમાં છુપાયેલી છે.

ROYAL LEPAGE
Flower City Realty
BROKERAGE, INDEPENDENTLY OWNED & OPERATED
REAL ESTATE
MANISH PATEL
HELPING YOU IS WHAT WE DO
Specialized in Pre-Construction & Assignment Sales
SALES REPRESENTATIVE
Cell : 416 - 992 - 0214
Email : realtormanishg@gmail.com
www.FlowerCityRealty.com
BRAMPTON 10 Cottrelle Blvd, Suite 302, L6S 0E2
MISSISAUGA 30 Topglight Dr. Suite 12, L5S 0A8

Wide Range of Mortgage Options Available

- Residential • Commercial • Business Loan

- New To Canada
- High Networth
- Business For Self
- Medical Professionals
- First Time Home Buyers
- Airbnb Properties
- Self Employed
- Student Rental
- 1st & 2nd Mortgage
- Debt Consolidation
- Spousal Buyout
- Short Term Rental
- Mortgages for Clients with Bruised Credit, Previous Bankruptcies, or Consumer Proposals

Scan my Business Card

Download My Free Mortgage App

Let's talk! Your FREE consultation awaits.

Call Today: 647-893-1311

Dhavalkumar Patel
Mortgage Agent Level 2

@yourmortgagepoint

MORTGAGE ARCHITECTS
#12728
5675 Whittle Rd, Mississauga, ON, L4Z 3P8

🙏 Please Don't drink and drive — your loved ones are waiting for you. 🙏

MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal)
- Khaman(Nylon)
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special

METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફેરી ની ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

HOMELIFE
HIGHER STANDARDS
HOMELIFE/MIRACLE REALTY LTD.

Brokerage, Independently
Owned & Operated

SANJU PATEL
Broker

DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR®
MLS MULTIPLE LISTING SERVICE®

Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com

શિક્ષક દિવસની હાર્દિક શુભકામના: બદલાતા સમય અને ટેકનોલોજીના યુગમાં શિક્ષકની ગરિમા

લેખક - પરેશ શાહ, શિક્ષણવિદ
jparesh67@gmail.com

"બદલાતા સમયમાં અને ટેકનોલોજીના યુગમાં શિક્ષકના વ્યવસાયની એક આભા અને ગરિમા છે. તેને જાળવવાની અને પ્રજ્વલિત રાખવાની જવાબદારી શિક્ષકોના ખભે રહેલી છે."

આજના શિક્ષક દિવસે, આપ સૌ ગુરુજનોને હૃદયપૂર્વક શુભકામનાઓ. આપએ શિલ્પકાર છો જે જ્ઞાનની છીણીથી વિદ્યાર્થીઓના ભવિષ્યને આકાર આપો છો અને રાષ્ટ્રના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપો છો.

આજે આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં ટેકનોલોજીએ જીવનના દરેક પાસાને સ્પર્શી લીધું છે, અને શિક્ષણ ક્ષેત્ર પણ તેમાંથી બાકાત નથી. સ્માર્ટ ક્લાસરૂમ, ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ અને ડિજિટલ સંસાધનોએ શિક્ષણની પદ્ધતિઓમાં ક્રાંતિકારી પરિવર્તન આણ્યું છે. આ બદલાવની સાથે શિક્ષકની ભૂમિકા પણ વધુ વ્યાપક અને પડકારજનક બની છે.

ટેકનોલોજીના યુગમાં શિક્ષકની નવી ભૂમિકા

પહેલાં, શિક્ષક જ્ઞાનના મુખ્ય સ્ત્રોત હતા. આજે, ઈન્ટરનેટના માધ્યમથી માહિતીનો વિશાળ સાગર વિદ્યાર્થીઓની આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. આ સંજોગોમાં, શિક્ષકની ભૂમિકા માત્ર માહિતી પ્રદાન કરવા પૂરતી સીમિત નથી રહી. હવે શિક્ષક એક માર્ગદર્શક, એક પ્રેરક અને એક 'ફેસિલિટેટર' તરીકે ઉભરી આવ્યા છે. તેમનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓને માહિતીના મહાસાગરમાંથી સાચું જ્ઞાનરૂપી મોતી કેવી રીતે શોધવું તે શીખવવાનું છે.

આજનાશિક્ષકેવિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતા અને સર્જનાત્મકતા જેવા કૌશલ્યો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. ટેકનોલોજીનો કુશળતાપૂર્વક ઉપયોગ કરીને, તેઓ શિક્ષણને વધુ રસપ્રદ, ઈન્ટરેક્ટિવ અને વિદ્યાર્થી-કેન્દ્રિત બનાવી શકે છે.

ગરિમા અને આભાને જાળવી રાખવાનો પડકાર

ટેકનોલોજીના આ પ્રભુત્વ વચ્ચે, શિક્ષકના વ્યવસાયની પવિત્રતા અને ગરિમાને જાળવી રાખવીએ એક મોટો પડકાર છે. આ વ્યવસાય માત્ર નોકરી નથી, પરંતુ એક સમર્પણ અને તપસ્યા છે. શિક્ષકની આભા તેમના જ્ઞાન, ચરિત્ર અને વિદ્યાર્થીઓ પ્રત્યેના સ્નેહમાં નિહિત છે.

મૂલ્યોનું સિંચન: ટેકનોલોજી જ્ઞાન આપી શકે છે, પરંતુ સંસ્કાર અને નૈતિક મૂલ્યોનું સિંચન તો એક શિક્ષક જ કરી શકે છે. પ્રામાણિકતા, દયા, શિસ્ત અને રાષ્ટ્રપ્રેમ જેવા ગુણો વિદ્યાર્થીઓના જીવનમાં ઉતારવાની જવાબદારી શિક્ષકની છે.

માનવીય સ્પર્શ જરૂરી : ઓનલાઈન શિક્ષણ ક્યારેય વર્ગખંડના જીવંત વાતાવરણ અને શિક્ષકના પ્રત્યક્ષ સંપર્કનું સ્થાન લઈ શકતું નથી. વિદ્યાર્થીની આંખોમાં જોઈને તેની મૂંઝવણ સમજવી અને તેને હુંફ અને પ્રોત્સાહન આપવુંએ શિક્ષકનો માનવીય સ્પર્શ છે જે અમૂલ્ય છે.

આજીવન વિદ્યાર્થી: બદલાતા સમય સાથે કદમ મિલાવવા માટે શિક્ષકે પોતે પણ એક આજીવન વિદ્યાર્થી બની રહેવું પડે છે. નવી શિક્ષણ પદ્ધતિઓ અને ટેકનોલોજીથી સતત અપડેટ રહેવુંએ તેમની વ્યાવસાયિક ગરિમાને વધારે છે.

સમાજ અને સરકારની જવાબદારી

શિક્ષકના વ્યવસાયની ગરિમા જાળવવાની જવાબદારી માત્ર શિક્ષકોની જ નથી, પરંતુ સમગ્ર સમાજ અને સરકારની પણ છે. શિક્ષકોને યોગ્ય સન્માન, સંસાધનો અને પ્રોત્સાહન પૂરું પાડવું અત્યંત આવશ્યક છે. જ્યારે સમાજ શિક્ષકને ઉચ્ચ આદરથી જોશે, ત્યારે જ યુવા પેઢી આ ઉમદા વ્યવસાય તરફ આકર્ષિત થશે.

આજના આ વિશેષ દિવસે, ચાલો આપણે સૌ સંકલ્પ લઈએ કે આપણે આપણા શિક્ષકોના યોગદાનને સન્માન આપીશું અને તેમના માર્ગદર્શન હેઠળ એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીશું. અને શિક્ષકગણને પણએ યાદ અપાવીએ કે ભલે યુગ બદલાય, ટેકનોલોજી ગમે તેટલી આગળ વધે, પરંતુ 'ગુરુ'નું સ્થાન હંમેશા સર્વોપરી રહેશે. તમારી આભા અને ગરિમા જ આ રાષ્ટ્રની સાચી સંપત્તિ છે. તેને પ્રજ્વલિત રાખવાની જ્યોત તમારા હાથમાં જ છે.

શિક્ષક દિવસની પુન: હાર્દિક શુભેચ્છાઓ!

Ankur Shah
REAL ESTATE BROKER
647.866.4400
www.realtorankur.com
RealtorAnkur@gmail.com


Physiotherapy • Osteopath
Massage Therapy
Acupuncture • Orthotics
Chiropractor • Chiropody
Compression Stocking
✓ MVA ✓ WSIB
Tel: 416-551-8466 I Fax: 416-551-9964
albionfinchphysio@gmail.com
1620 Albion Rd., Unit 305, Etobicoke, ON M9V 4B4
albion finch
PHYSIO & REHAB

વ્યસન સાંઈનું રાખીએ

લેખક: શ્રીમતી મિનાક્ષી કરમરકર

"પોતાની ભૂલ માણસને મૂંગા કરતાય વધારે મૂંગો બનાવે છે, જ્યારે પારકી ભૂલ માણસને બોલકા કરતાંય વધારે વાચાળ બનાવે છે."

આપણો સમાજ અને ખાસકાલ યુવાધન વ્યસનના સામ્રાજયમાં ફસાયેલો છે. જેના માટે જવાબદાર છે 'અઢળક સંપત્તિ, વિભક્ત કુટુંબ પ્રથા અને પ્રસારણ માધ્યમ'. પહેલાના જમાનામાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી એટલે બે ત્રણ ભાઈઓ સાથે રહેતા. જેથી ઘરમાં વડીલોની મર્યાદા જળવાતી, વ્યસન પ્રવેશ નિષેધ હતો. પરંપરાગત રૂઢી અને સંસ્કારોનું સિંચન બાળકોમાં થતું.

જયારે આજે તો બાળકો સાથે જ બેસી મોજશોખ પૂરા કરવામાં માતાપિતા ગર્વ અનુભવે છે.એ બાબત ભૂલી જાય છે કે દરેક સંબંધોમાં એક મર્યાદા હોવી જરૂરી છે. અલગ રહેતા હોય તથા નોકરી વ્યવસાયને લઈને મા-બાપથી બાળકોની રહેણીકરણી ઉપર પૂરતુ ધ્યાન અપાતું નથી. દેખાદેખી અને મીડીયાને લઈને તથા પ્રલોભન આપનારી જાહેરાતો, પોસ્ટરો જોઈ સ્વતંત્રતા અને પૈસાને લઈને યુવાધન સ્વચ્છંદી બની જાય છે.

ખાસ કરીને મધ્યમવર્ગના ઘરોમાં દૂધ પીવા પૈસા નથી પણ દારૂ પીવા પૈસા છે. બાળકોને પૈસા આપી દે છે પણ હિસાબ મંગાતો નથી. એકવાર વ્યસનનો સ્વાદ ચાખ્યો પછી તો માનવલોહી ચાખી ગયેલા વાઘની જેમ વારંવાર ચસકો લાગે છે અને છેવટેએ વ્યસન પ્રાણપ્રિય બની જાય છે. જેને લઈને શિક્ષિત, બુધ્ધિશાળી એવો મહામાનવ પોતાનો, પરિવારનો અને સમાજનો વિનાશ સ્વેચ્છાએ નોતરે છે.

કોઈપણ વ્યસનની આદત પડી જાય એટલે એને મેળવવા માટે વ્યસની જૂઠાણું, ચોરી, લૂંટફાટ, ખૂન જેવા અનીતિના રસ્તે દોડતો થઈ જાય છે. સમય જતાં જે તે વ્યસન એના લોહીમાં વહેતુ થઈ જાય છે અને એને માટે બધું સમજવા, જાણવા છતાં પણ એનો ગુલામ બની જાય છે. શરીર પણ વ્યસનને લઈને ક્ષીણ થઈ ગયું હોય છે. કોઈને કોઈ બીમારી શરીર ઉપર કબજો જમાવી દે છે અને આવા સમયે પારાવાર પસ્તાવો વ્યસનીઓને થતો હોય છે પણ પાછા ફરવું એને માટે મૃત્યુને આવકારવા જેવું થઈ જાય છે.એ વખતે વ્યસનીઓની મનઃસ્થિતિ અને પારિવારિક વિડંબના એટલી બધી વધી ગઈ હોય છે કે જીવતેજીવત જીંદગી સૌ કોઈ માટે દોજખ બની જાય છે.

પંચમહાભૂતથી બનેલા આ શરીરમાં જે ઈન્દ્રિયોના આપણે માલિક, સ્વામી, સુકાની છીએ તે વાત ભૂલી જઈને વ્યસનના માલિક બની જઈને આત્મહત્યા કરીએ છીએ. સમાજમાં પોતાનો માન-મરતબો, ઈજ્જત, શાખ બધું જ દાવ પર લગાવી પોતાના મોજશોખ પૂરા કરીએ છીએ પણ એનું પરિણામ શું? એકાદ ઈન્દ્રિયોની ગુલામી પણ જો ભયંકર બીમારી લાવી શકે છે તો આ તો પાંચ-પાંચ ઈન્દ્રિયો - આંખ, નાક, કાન, જીભ અને સ્પર્શ. જયારે આ બધી જ ઈન્દ્રિયો વ્યસનને લઈને બીમારી નોતરે તો કેવો કારમો અત્યાચાર શરીર ઉપર ગુજરે એની તો કલ્પના જ કરવી રહી. બધી જ ઈન્દ્રિયો જો મનસ્વી રીતે વર્તે તો શરીરને સાચવવું કેવી રીતે?

સાંઈ સચ્ચરિત્રના અધ્યાય ૪૯માં બાબાએ કહ્યું છે કે "ઈન્દ્રિયોને પોતપોતાના ધર્મ બજાવવા દેવા. તેના કામમાં આપણે વચ્ચે ન આવવું જોઈએ. આ સુંદર રૂપાળા જગતની રચના ઈશ્વરે જ કરી છે. તેથીએ સુંદરતાના ભાવની પ્રશંસા કરવીએ આપણો ધર્મ છે. જો આપણામાં પાપ નથી તો પછી ડરવું શા માટે? ભલે આંખ આંખનું કામ કરે. એથી તારે શરમાઈને નીચે શા માટે જોવું પડે? ઈન્દ્રિયો ચંચળ બને તો પણ દેહ ઉપર સંયમ રાખવો. તેને અધીર થવા ન દેવું જોઈએ. વસ્તુ પાછળ ઈન્દ્રિયો ભલે દોડે પણ આપણે તેની પાછળ દોડી તેની પ્રાપ્તિની ઝંખના ન કરવી જોઈએ. ધીરે ધીરે ટેવ પાડવાથી આ ચંચળતા જતી રહે છે.

આપણા ઉપર ઈન્દ્રિયોને સત્તા જમાવવા દેવી નહીં. અલબત્ત ઈન્દ્રિયો પર સાવ નિયંત્રણ શકય નથી. પ્રસંગ જોઈ તેના પર યોગ્ય દાબ રાખવો. સુંદરતા ચક્ષુનો વિષય છે માટે નિર્મળ બનીને સુંદર પદાર્થ જોવા. તેમાં બીક કે શરમને સ્થાન નથી પણએ વખતે કોઈ પાપી વિચારને મનમાં ન આવવા દેવો જોઈએ. કામના રહિત ચિત્તથી ઈશ્વરની સુંદર કૃતિઓ જોવી. તેથી સ્વાભાવિક જ ઈન્દ્રિયો પર નિયંત્રણ આવતું જશે. એવી સુંદર વસ્તુને આનંદથી નીરખવામાં ઈશ્વરની અજબ શક્તિનું સ્મરણ જ થશે. જો બહારની ઈન્દ્રિયોને કાબુમાં રાખ્યા વિના મનને તેની પાછળ દોડવા દઈ તેમાંજ તેને આસકત રાખીશું તો આપણા જન્મમરણના ચક્રનો કોઈ જ અંત આવવાનો નથી.

ઈન્દ્રિયોના વિષય જ હાનિકર્તા છે. સારથી તરીકે વિવેકને રાખવાથી મન પર કાબુ આવશે અને આપણે ઈન્દ્રિયોને ખોટે રસ્તે જતી રોકીશું. આવો સારથી રાખવાથી જ અંતિમ સ્થાન વિભુપદ સુધી આપણે પહોંચી શકીશું, જયાંથી ફરી ફેરો છે જ નહીં."

આપણે સમજવું જોઈએ કે વ્યસન માનવમાંથી દાનવ બનાવે છે. જીવનમાં ઉન્નતિની જગ્યાએ અધોગતિનું નિર્માણ કરે છે. તન, મન અને ધનથી માણસ વ્યસનના રવાડે પાયમાલ થઈ જાય છે. જયારે સાક્ષાત મૃત્યુ નજર સમક્ષ દેખાય એટલે પછી ભગવાનની શરણે દોડે, ભૂતભૂવા કરે, પીર ફકીર પાસે પીંછી નંખાવે, બાધા-આખડી કરે, દવાખાનાના ચક્કર કાપતો થઈ જાય, ખાસ તો જીવવા માટે અંધશ્રધ્ધાના વમળોમાં અચૂક ફસાય, વ્યસનના દળદળમાંથી બચવા ધમપછાડા કરે, જીવવાની જીજીવિષા પ્રબળ બની જાય પણ આખું આયખું પરિવારને આપેલ અત્યાચાર, સંતાનોની હાયનો હિસાબ તો અહીં ચૂકવીને જ જવું પડે. બસ, લાચાર, અસહાય, બેકાર બની કરેલા જલસાનો હિસાબ ચૂકવે અને પરિવારના સભ્યો પણ લાગણીશૂન્ય બની એના મરવાની રાહ જોતા હોય... આનાથી વધારે દુઃખદ શું હોઈ શકે? જે વ્યક્તિ આપણને અતિ પ્રિય હતી તેના ક્ષીણ થતા શરીરને લઈને તથા ઘરની નાજુક પરિસ્થિતિને લઈને પરિવારના સભ્યો પણ એના જવાની રાહ જોતા હોય.....

પોતાના કર્મો પોતે જ ભોગવવાના હોય તો આવા સમયે કયો ભગવાન તમને મદદ કરી શકે. જ્યારે સિગરેટના ધુમાડા કાઢયા, દારૂની રેલમછેલ કરી, ગુટખા - માવાના સ્વાદ ટેસ્ટથી લીધા ત્યારે ભગવાનના યાદ આવ્યો? પરિણામની પરવા કર્યા વગર શરીરને વ્યસનનું ગુલામ બનાવ્યું ત્યારે ભગવાનના યાદ આવ્યો? છોકરાઓના મોંમાંથી કોળિયો છીનવી વ્યસન માટે રૂપિયા ખર્ચ્યા ત્યારે ભગવાનના યાદ આવ્યો? દારૂ પીને આવીને પત્નીને મારીઝુડી ત્યારે ભગવાનના યાદ આવ્યો? અને આજે જયારે દુઃખનો રેલો આવ્યો ત્યારે 'હે ભગવાન, મેં એવા તે કયા ખરાબ કામ કર્યા કે મને આ સજા?'

સંતાનોના તથા પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે બચત કરવાની જગ્યાએ જે કાંઈ હતું તે બધું વ્યસન પાછળ વાપર્યુ ત્યારે મૃત્યુનો ડરના લાગ્યો. પોતાના મોજશોખને પોષવા આવક કરતાં જાવક વધારી માથે દેવું કર્યુ. અરે... વ્યસની વ્યક્તિ તો બીમાર પડી મૃત્યુ પામે ત્યારે પણ એનીએ બીમારીમાં લાખો રૂપિયા ખર્ચાય જાય, ઘર દેવામાં ડૂબી જાય, સંતાનોની ભણતર અટવાય જાય, દીકરીના લગ્ન અટવાય જાય અનેએ જીવ તો શાંતિથી સૂઈ જાય તેવા સમયે જીવતા રહેલાની હાલત જીવતેજીવત દોજખ બની જાય. જે ઘરમાં વ્યસનને લઈને મૃત્યુ આવ્યું હોય તે ઘરના સભ્યો થોડા જ સમયમાં આ નુકશાનને ભૂલી જઈ પાછાએ જ વ્યસનના રસ્તે ચાલવા લાગેએ તો ખરેખર આશ્ચર્યજનક છે.

વ્યસન છોડાવવાની અનેક જાહેરાતો જાહેરસ્થળોએ મૂકેલ હોય છે. જે વાંચી ઘણા પરિવારો એમનો સંપર્ક કરી દવા મેળવે છે.એ દવાને વ્યસનીના ખોરાકમાં ભેળવી દઈ એની જાણ બહાર આપવામાં આવે છે. વર્ષોથી જે વ્યસનની લત લાગી હોય તે સમય જતાં લોહીમાં ભળી જાય છે. જેને લીધે દવાની અસર થતા વ્યસનીને વ્યસન પ્રત્યે સૂગ થશે પણ લોહીમાં ભળેલ વ્યસન રોજનો સમય થતાં અસર કરશે. જેને લઈને વ્યસનીને ખેંચ, બ્રેઈન હેમરેજ કે લકવો થવાની શકયતા વધે છે જે નુકશાનકર્તા સાબિત થાય છે. માટે શકય હોય તો આડકતરી રીતે નહીં પણ પ્રેમથી, સમજાવીને વ્યસનીનું વ્યસન છોડાવવું જોઈએ.

માનવ સ્વભાવ છે કે પોતાનું ધાર્યુંના થાય એટલે દોષનો ટોપલો કયાં તો બીજાના ઉપર નાંખે કે પછી ભગવાન ઉપર નાંખે અને ભગવાન તો બિચારો કંઈ બોલતો જ નથી. કોઈપણ દિવસે બીજાના કર્મો તમારે ભોગવવા પડતા જ નથી પણ તમારા કર્મો જ તમે ભોગવો છો. માંદગી ઓચિંતી નથી આવતી. પહેલેથી કુદરત અણસાર આપે જ છે પણ આપણનેએ ગંભીરતાથી લેવાની આદત જ કયાં છે?

બધું જોયા પછી પણ આપણે આપણી કુટેવોને વળગી જ રહીશું તો ઉપરવાળો પણ તથાસ્તુ કહી દેશે. હે માનવી, તારા કર્મો તું જ ભોગવ. ભક્તિના પંથે વાળવા અને વ્યસનની જાળમાંથી તમને છોડાવવા ભગવાને અનેક રસ્તાઓ બતાવ્યા, ચમત્કારો બતાવ્યા પણ છતાં તમે નમસ્કારના કરો તો તે તમારો વાંક. આપણે પોતે જયાં સુધી જાગીએ નહીં ત્યાં સુધી બધું વ્યર્થ. મજબૂત મનોબળથી અશકયને શક્ય બનાવી શકાય એના અનેક ઉદાહરણો આપણા સમાજમાં છે.

કાળા માથાનો માનવી ધારે તે કરી શકે. એણે વ્યસન છોડવું હોય તોએ અશક્ય નથી. સમાજમાં ઘણા એવા લોકો છે જેઓએ પોતાની ભૂલ સુધારી, વ્યસનમુકત થઈ પરિવાર અને સમાજમાં આગવું સ્થાન મેળવ્યું છે. અરે, વ્યસન તો મારા સાંઈનો કરો. એની ભક્તિનો નશો એક વાર ચઢી જાય પછી દુન્યવી બધા જ વ્યસનો નિરસ લાગે. મીરાંએ ભક્તિનું વ્યસન કર્યુ તો જીવન નૈયા પાર કરી ગઈ.

આ બધું કયાં સુધી... સહન કરીશું? કયાં સુધી ખુલ્લી આંખે મૂરખ બનતા રહીશું? જરૂર છે આજની યુવાપેઢીને સંસ્કાર આપવાની, આપણી ભારતીય પરંપરા જાળવવાની, મા-બાપે પોતાનું ઘર પોતે જ બચાવવાનું છે. અરે, હવે તો જાગો... ચાલો આપણે આજથી નક્કી કરીએ કે વ્યસનથી ઘેરાયેલ આપણા યુવાધનને વ્યસનમુકત કરવાનો પ્રયાસ કરીએ.

"Honest Deals. Real Results."

Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey

Jignesh Patel
REAL ESTATE BROKER

Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!

- Personalized Guidance for Buyer & Sellers
- More Than 5+ Years of Experience
- Transparent Service
- Check Reviews on Google & Instagram and Lets get Started!!

Let's Get Started
647-381-1492

realtor@jignesh.ca

5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca

HOMELIFE
HIGHER STANDARDS

HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

દેશ બદલાય પણ પરંપરાઓમાં સામ્ય જળવાય....

મારા મતે બાર ગાઉએ બોલી બદલાયએ અધૂરી કહેવત છે. હકીકતમાં બાર ગાઉએ રિવાજો અને પરંપરાઓ બદલાય છે. એટલે જ્યારે દેશ બદલાય ત્યારે તો ઘણું બધું બદલાય અને નવી નવી પરંપરાઓ જોવા મળે. પરંતુ જો ખૂબ ઊંડાણથી નિરીક્ષણ કરીએ તો બીજા દેશમાં પરંપરાઓ ભલે જુદી લાગે પરંતુ એનું અનુસંધાન ક્યાંકને ક્યાંક આપણા દેશની પરંપરાઓ સાથે મળતું આવે એવો અનુભવ મને થયો છે. તમે શું કહો છો?

આ લેખ સાથે ચિત્રો મુક્યા છે.એ જોઈને વ્યક્તિ પોતાની મતિ પ્રમાણે જુદી જુદી કલ્પના કરશે.

કોઈને લાગશે કે કોઈ તહેવાર નજીક હશે એટલે ઘર માલિકે ઘરની સાફસફાઈ આદરી હશે. અથવા તો ઘરમાં રંગકામ ચાલતું હશે, અથવા કોઈ મોટું સમારકામ કામ કરવા કે ઘર માટે નવું રાચરચીલું બનાવવાની સરળતા માટે ઘરનો સામાન ખાલી કરીને આંગણામાં મુક્યો હશે. પરંતુ એવું પણ નથી.

ચિત્ર પરથી દેખાય છે કે વાતાવરણ સૂકું છે અને સૂર્ય તપી રહ્યો. નજીકના દિવસોમાં ધોધમાર વરસાદ થયો હોય એવા કોઈ સંકેત મળતા નથી. એટલે અતિ વૃષ્ટિને લીધે ઘરમાં પાણી ભરાઈ જતા, ઘરવખરીને નુકસાન થતું અટકાવવા બધો સામાન બહાર ખસેડાયો હોય એવું પણ નથી.

એટલે તમને પ્રશ્ન થશે કે તો પછી આ છે શું?

તમે વડોદરામાં રહેતા હો, થોડા લાંબા સમયથી રહેતા હો અને જૂના શહેર

લેખકઃ સુરેશ મિશ્રા

વિસ્તારમાં રહેતા હો તો શુક્કરવારી નામે દર શુક્રવારે ભરાતા બજાર કે ગુજરી અંગે જાણતા જ હશો. કદાચ જૂની ચીજવસ્તુઓના સંગ્રહનો તમને શોખ હોય તો તમેએ બજારની મુલાકાત પણ લીધી હશે. આ બજારમાં સંગ્રાહકોને ઘણીવાર ભંગારના મૂલે કિંમતી, ઐતિહાસિક ચીજવસ્તુઓ મળી ગયાના દાખલા પ્રચલિત છે. અમદાવાદમાં સાબરમતીના પટમાં આવી રવિવારી ભરાય છે. સુરતમાં અને ગુજરાતના અન્ય શહેરોમાં આવી મુખ્યત્વે વ્યાપાર પરંપરાઓ છે. આદિવાસી વિસ્તારોમાં હાટ બજારની જે પરંપરા હજુ જીવંત છે એનો પણ આ પરંપરાઓ સાથે મેળ ખાય છે.

આ એને મળતી આવતી અને જે ઉપયોગમાં લેવામાં આવતી નથી અને પ્રમાણમાં સારી અને ઉપયોગી છે એવી ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓના વેચાણ માટે માંડવામાં આવેલી હાટડી છે જેને ગરાજ સેલ તરીકે ઓળખવામાં આવે છે.

એટલે એક રીતે કહી શકાય કે આ ઘરની શુક્કરવારી કે રવિવારી છે. આ ઘર ગુજરીનું દ્રશ્ય કેનેડાના એક શહેર ટોરોન્ટોના એક ફળિયાનું છે. અહીં બિન ઉપયોગી ચીજવસ્તુઓ વેચાણમાં મુકવામાં આવી છે એવું નથી. ઘરમાલિકે જે ચીજવસ્તુઓના વિકલ્પે ઘરમાં નવી વસ્તુઓ, સાધનો, ઉપકરણો વસાવી લીધાં હોવાથી હવે વપરાશમાં નથી અથવા ઘરની જગ્યા રોકે છે એને અન્ય જરુતિયાતમંદો વાજબી ભાવે ખરીદી શકે એટલે આ રીતે પ્રદર્શન વેચાણ માટે મૂકી છે. આ રીતે વેચાણથી એને પણ બે પૈસા મળે છે. દરેક ચીજવસ્તુઓની કિંમત માલિક અગાઉથી નક્કી કરીને, પ્રાઈસ ટેગ ઘણીવાર લગાવે છે. ગ્રાહકો કિંમતમાં ઘટાડાની વાટાઘાટો કરી શકે છે. એક રીતે આ સેકન્ડ હેન્ડ ખરીદદારીની સુવિધા છે. ઘર માલિકને આ વસ્તુઓથી છૂટવું છે અને એને સાવ મફત આપી દેવી નથી એટલેએ આવું ગરાજ સેલ યોજે છે.

પશ્ચિમના ઘણાં દેશોમાં આવું ઘરવખરી વેચાણ યોજાય છે. એમાં થોડો સમય પહેરેલા પણ નવા જેવા વસ્ત્રો, ચાદરો, જૂતાં અને પગરખાં, કબાટ, ક્રોકરી, વાજિંત્રો, સંગીતના સાધનો, ફોટોફ્રેમ, માછલી પકડવાના કાંટા(અહીં લોકો રજાના દિવસે નજીકના તળાવો, નદીઓના કિનારે જઈને જાતે માછલી પકડવાનો શોખ રાખે છે. એક જૂની જાહેરાતમાં તેનો બખૂબી ઉપયોગ થયો હતો જે ઘણાને યાદ હશે), બેગો અને થેલીઓ, આર્ટિફિશિયલ જવેલરી, સૌંદર્ય પ્રસાધનો એવું ઘણું બધું વેચાણ માટે મુકવામાં આવે છે.

આ દેશોમાં એક તરફ વપરાયેલા સોફાસેટથી લઈને ઘર ઉપયોગની મોટી મોટી ચીજોનો બહાર સડકના કિનારે ઢગલો કરી દેવામાં આવે છે. જેને ઉપયોગી લાગેએ આ વસ્તુઓ વિનામૂલ્યે લઈ જઈ શકે છે જ્યારે બીજી તરફ ગરાજ સેલ દ્વારા તેનું ઓછી કિંમતે વેચાણ કરવામાં આવે છે. અહીં ભણવા માટે આવતા વિદ્યાર્થીઓ, નોકરી ધંધા માટે દેશ છોડીને આવેલા દંપતીઓ પાસે શરૂઆતમાં ઘર વસાવવા, લઘુત્તમ જરૂરિયાતો પૂરી કરવા ડોલર ખર્ચવાની ત્રેવડ નથી હોતી તેવા સમયે આ પરંપરાઓ જીવનની વ્યવસ્થાઓ ગોઠવવામાં મદદરૂપ બને છે. અતિ સંપન્ન પરિવાર સિવાયના જે લોકો અહીં આવે છે એમણે શરૂઆતમાં એક યા બીજા સમયે આ વ્યવસ્થાનો લાભ લીધો હોય છે. આ પ્રકારના કેટલાક મોટા સ્ટોર્સ પણ હોય છે જે થ્રિફ્ટ સ્ટોર કે અન્ય નામે ઓળખાય છે જ્યાં આ પ્રકારની સેકન્ડ હેન્ડ ચીજવસ્તુઓ ખરીદી શકાય છે.

નવા આવનારાઓની જિંદગી થાળે પાડવાની આ વ્યવસ્થાઓ એક પ્રકારે આવકાર્ય છે...

શું તમે જાણો છો?

દુનિયાના સમુદ્રો અને મહાસાગરોને કાંઠે જેટલા રેતીના કણો છે, બ્રહ્માંડમાં એનાથી પણ વધારે ગ્રહો અને તારાઓ છે. જરા ગણીને કહેજો કે આ સાચું છે?

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!
Let's Be popular
Parth Patel
647 655 5029
Find on Google

JTP FINANCIAL
SERVICES

Financial Freedom Starts Here

Mastering Your money

Building Your Wealth Starts With
Making the Right Financial Choice

Why Choose Us?

JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning

JOYCE TSANG-PATEL

Phone Number:
416-845-1323

Website:
www.jtpfinancial.ca

અમે છીએ દરિયો, અમને અમારું કૌશલ ખબર છે; જે તરફ નીકળી જશો, ત્યાં જ રસ્તો બનાવી લઈશું.

GG 7 સાચી 'પરખ' બાબાસાહેબની..

હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર

આ પંક્તિઓ જ ડોક્ટર આંબેડકરના જીવન સંઘર્ષનું પ્રતીક છે. તે અનન્ય કોટીના અનુપમ નેતા હતા. તેમણે પોતાનું આખું જીવન ભારતનું કલ્યાણ કરવામાં લગાડી દીધું. તેમના જીવનકાળના 65 વર્ષ જાણે કે એક યુગ રચી ગયા. ખાસ કરીને જ્યારે ભારતના 80% દલિતો આર્થિક રીતે શાપિત હતા ત્યારે તેમને અભિશાપથી મુક્ત કરવાનો ડોક્ટર આંબેડકરનો મૂળ મંત્ર હતો.

ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ઉપર ઘણા બધા લોકોએ ઘણું બધું કહેલું છે, ઘણું બધું લખેલું છે. પરંતુ આપણી સૌની કમનસીબીએ છે કે તેમના વ્યક્તિત્વ અને વિચક્ષણતાના એક એવા પાસા ઉપર ભાગ્યે જ કોઈકનું ધ્યાન ગયું છે જેને કારણે ભારત દેશ 50 વર્ષ આગળ જવાનું ચૂકી ગયેલ છે. આવો હું તમને પરિચય કરાવવું ડો. ભીમરાવ આંબેડકરના વ્યક્તિત્વના આ વિલક્ષણ ભાષાનો જેને વાંચીને, સમજીને, વિચારીને તમે ચોક્કસ કહેવાના છો કે આટલું બધું વાંચ્યા પછી, વિચાર્યા પછી, જાણ્યા પછી, લખ્યા પછી, ભણ્યા પછી પણ આ બાબત તો ધ્યાન બહાર જ રહી ગઈ.

આજથી 80-90 વર્ષ પહેલાંનો સમયગાળો જરા યાદ કરો. કોઈપણ સોશિયલ મીડિયા નહોતું. થોડુ સરખું પણ ડીઝીટલાઈઝેશન નહોતું. મોબાઈલ નહોતા, ટીવી નહોતું, ગૂગલ નહોતું, નવી નવી અને આકર્ષક ડીક્ષનરી નહોતી અને કોમ્યુનિકેશનનું કોઈ મીડિયા નહોતું. કોઈપણ વ્યક્તિએ કંઈ પણ લખવું હોય તો માત્ર કાગળ અને કલમ હતા. એને સાચવવાનું, જાળવવાનું અને સંઘરવાનું પણ મુશ્કેલ હતું. આજે આપણે સૌ સોશિયલ મીડિયા પર સાહિત્યના જુદા જુદા ગ્રુપોમાં જબરદસ્ત લખતા હોઈએ છીએ એવું આપણને લાગતું હોય છે. એક ગઝલ મોકલવાની હોય તો શબ્દોના મળે, પ્રાસના મળે, અલંકાર કે છંદના મળે અને આપણે એવું માનીએ છીએ આપણે ઘણું સારું લખીએ છીએ. આપણી પાસે આજની તારીખમાં ગૂગલ છે, મોબાઈલ છે, ડિજિટલ મીડિયા છે, સોશિયલ મીડિયા છે, આકર્ષક અને રંગબેરંગી ડીક્ષનરી છે, સંખ્યાબંધ ગ્રુપ છે, કેટલા બધા મિત્રો છે અને કોમ્યુનિકેશનનો રાફડો ફાટેલો છે. છતાં પણ આપણે એક ગઝલ, એક લઘુકથા, એક નવલિકા, એક કાવ્ય લખતા લખતા એટલી બધી વખત આઘા પાછા થઈ જઈએ છીએ, વિમાસણમાં મૂકાઈ જઈએ છીએ, મૂંઝવણમાં મૂકાઈએ છીએ, મુશ્કેલીમાં મૂકાઈએ છીએ અને માંડ માંડ બધું તૈયાર કરીએ છીએ.

ચાલો ફરી તમને લઈ જાઓ 80-90 વર્ષ પહેલાં જ્યારે ડોક્ટર આંબેડકરે તેમના જીવનકાળ દરમિયાન અંદાજિત 51 પુસ્તકો લખ્યા હતા. એકેએક પુસ્તક જુઓ અને એના ટાઈટલ પણ જુઓ. એક અવિસ્મરણીય અને અસાધારણ પુસ્તક એમનું, નામ છે પાકિસ્તાન પરના વિચારો. એમનું બીજું એક પુસ્તક છે બુદ્ધ અથવા કાલ માર્કસ. આ પુસ્તકમાં કાલ માર્કસ અને બુદ્ધ વચ્ચેની સરખામણીને મજાક તરીકે ગણી શકાય છતાં પણ વિચારધારા, રાજનીતિ અને નવી આર્થિક નીતિનો સમન્વય કરીને આ પુસ્તક લખવામાં આવેલું. એમનું અન્ય એક પુસ્તક છે આંબેડકરનું ભારત. આ પુસ્તકમાં સ્વરાજની લડાઈમાં તમે આખા રાષ્ટ્ર સાથે તમારી પડખે લડો છો. જાતિ વ્યવસ્થા સામે લડવામાં તમે આખા રાષ્ટ્રની સામે ઊભા છો અને તે પણ તમારા પોતાના રાષ્ટ્રની સામે. કેટલી યથાર્થ પ્રતીતિ એમના લેખનમાંથી આલેખાયેલી.

કરાવેલી એમનું બીજું એક જબરદસ્ત પુસ્તક છેઃ બીફ, બ્રાહ્મણો અને તૂટેલા માણસો અસ્પૃશ્યમાંથી એક ટીકા યુક્ત જટિલ પસંદગી. કલમનો કસબ એમને હસ્તગત હતો. એમનું બીજું એક પુસ્તક છેઃ ભાષાકીય રાજ્યો પરના વિચારો. આટલા વર્ષો પહેલા લખાયેલા આ ટાઈટલ ઉપર તમે ખાલી એક મિનિટ માટે વિચારો. આટલા વર્ષો પછી પણ આપણા દેશમાં જુદા જુદા રાજ્યોની વચ્ચે પ્રશ્નો અને વિસંગતતાઓ ઉદભવી જટિલ સમસ્યામાં પરિવર્તિત થઈ રહ્યા છે. જો ડોક્ટર આંબેડકરનેએ વખતના રાજકારણીઓ અને નેતાઓ થોડાક સમજી શક્યા હોત તો આપણે આજે આ સમસ્યામાંથી સાંગોપાંગ બહાર નીકળી ગયા હોત. એમનું બીજું એક પુસ્તક છેઃ અસ્પૃશ્ય અને અસ્પૃશ્યતા પર નિબંધો. આ પુસ્તકમાં બી.આર આંબેડકર દ્વારા ફિલસૂફી, ધાર્મિક અને રાજકીય શબ્દો દ્વારા અસ્પૃશ્યતા અને એના ઉપરની જે તે સમયની સામાજિક જૂથોની સ્થિતિનું વર્ણન કરવામાં આવેલું છે. ડો. ભીમરાવ આંબેડકર સ્પષ્ટપણે અસ્પૃશ્યતાને નાબૂદ કરીને સમાનતાની ચળવળના હિમાયતી હતા અનેએ માટે જીવનના અંતમાં તેમણે બૌદ્ધ ધર્મ અપનાવીને એક નવો ચીલો પાડ્યો હતો. જોકે ગાંધીજીએએ વખતે એમના પગલાને વિભાજનકારી કહ્યું હતું પરંતુ તટસ્થ રીતે જોવામાં આવે તો ડોક્ટર આંબેડકરેએ સમયના સ્થાપિત હિતોને એક લાલબત્તી ધરી હતી.

તેમના 1948ના પુસ્તક ધ અનટચેબલ્સમાં, તેમણે દલિત જાતિના મૂળને શોધવાનો પ્રયાસ કર્યો. તેમનું બીજું એક પુસ્તક છેઃ ધી એસેન્શીયલ આંબેડકર. જોએ સમયના રાજનેતાઓ સાચા અર્થમાં તેમના વ્યક્તિત્વની વિલક્ષણતાને થોડા પણ સ્પર્શી શક્યા હોત તો કદાચ ભારતના ઈતિહાસના ઢગલો પૃષ્ઠ સંવાદિતાના સાથસંગાથ વડે અંકિત હોત. ફિલોસોફી ઓફ હિન્દુસ્તાન એમનું બીજું એક પુસ્તક છે.

અને એના કરતાં પણ આગળ તમે જો વિચારશો તો 1936માં એમના લખેલા એક પુસ્તકનું નામ છે એનિહિલેશન ઓફ કાસ્ટ. 1936માં લખાયેલું આ અવિભાજિત ભાષણ છે. હિન્દુ સુધારકો દ્વારા લાહોરમાં યોજાયેલા જાતિ વિરોધી સંમેલનમાં આ ભાષણ આપવાનું હતું. જો કે ભાષણની સમીક્ષા કર્યા પછી પરિષદના આયોજકોએ તેને ખૂબ જ વિવાદાસ્પદ ગણીને ડોક્ટર આંબેડકરનું કોન્ફરન્સનું આમંત્રણ રદ કર્યું હતું. આટલા વરસો પહેલાં તમામ જાતિઓનો વિલય કરી શાશ્વત લય લહેરાવવાની વાત કરનાર વ્યક્તિ કેટલી અદભૂત હોય!

પરંતુ ખાલી એટલું જ વિચારો કે આજથી ૮૫ વર્ષો પહેલાં આવું ટાઈટલ આપવું અને આટલું તેજાબી લખવુંએ કેવી રીતે શક્ય બન્યું હોય? હૃદયની વેદનાએ વ્યક્તિ જ ચીતરી શકે જેણે યાતના વેઠી હોય, સંઘર્ષ કર્યો હોય, પોતાની જિંદગીના એક એક સત્ય નજીકથી વિચલિત થઈ નિહાળ્યા હોય, વિસંવાદિત ઘટનાઓ નજીકથી જોયેલી હોય, અનુભવી હોય, દર્દ અને અશ્રુ પીધેલા હોય, સતત ચિંતન કરેલું હોય. ડોક્ટર આંબેડકરને થોડોક વધારે સમય અને થોડીક વધારે સત્તા મળી હોત તો આજે ઈસ 2025માં હું લખી રહ્યો હોત કે કેલેન્ડર ભલે ઈસ 2025 બતાવે છે; પણ આપણું ભારત તો ઈસ 2075માં છે. ડો. ભીમરાવ આંબેડકરના પુસ્તકોને વાંચીને, વંચાવીને આપણે ગુમાવેલા 50 વરસને સરભર કરવા માટે તો આપણુ યોગદાન આપી શકીએ એમ છીએ. બાબાસાહેબ તજજ્ઞ હતા, વિશિષ્ટ હતા, અનોખા હતા, અભ્યાસુ હતા, કલમના કસબી હતાએ વધારેને વધારે નાગરિકો સુધી પહોંચાડવા માટે મારા આ નાનકડા પ્રયાસમાં તમને નમ્ર અપીલ કરું છું.

સાચા અર્થમાં વાંચોને વંચાવો. હવે તો 'પરખ' કરીએ ભારતરત્ન બાબાસાહેબના વિરાટ વ્યક્તિત્વની જેથી ભારતના ઈતિહાસને મળે 'હર્ષ'.

Abhay Joshi
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES

Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more

CONTACT US

CELL : (647) 409-5848

Lic #M22003707

રાષ્ટ્રની સંસ્કૃતિનો ધરોહર એટલે શિક્ષક -Happy Teacher's Day

લેખક - ઘનશ્યામ પટેલ, કેલગરી

૫ મી સપ્ટેમ્બર એટલે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ. તેમના મિત્રો અને સ્નેહીજનો તેમનો જન્મદિવસ ઉજવવા માટે તેમની પાસે વાત કરવા આવ્યા. તેઓ સ્વયં શિક્ષક હતા એટલે તેમણે જણાવ્યું કે, 'મારો જન્મદિવસ ઉજવવો હોય તો શિક્ષક દિવસ તરીકે ઉજવો', ત્યારથી ભારતમાં આ દિવસને શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ચાણક્યે સાચું જ કહ્યું છે કે, " શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં પલતા હૈ ". શિક્ષક પાસે સમાજ અને દુનિયાને બદલવાની અદભૂત શક્તિ છે. નેલ્શન મંડેલાએ તેને સમર્થન આપ્યું છે અને કહ્યું છે કે, " Education is the most Powerful weapon which you can use to change the world ". કેટલાક, શિક્ષકને ' માસ્તર 'ના હુલામણા નામથી બોલાવે છે. ' મા 'ના સ્તર સુધી જે પહોંચી શકે તે ' માસ્તર '. જનનીની જેમ તેના હૈયે સતત બાળકનું હિત વસેલું હોય, માની જેમ પ્રેમ, હૂંફ આપે, લાગણીશીલ હોય અને કાળજી રાખે તે જ ' માસ્તર '. શિક્ષક કોઈપણ રાષ્ટ્ર માટે કરોડરજ્જૂ સમાન છે.

' ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર, ગુરુ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવૈ નમઃ '. શાસ્ત્રોમાં ગુરુનો ખૂબ જ મહિમા વર્ણવ્યો છે. પ્રાચીનકાળથી ગુરુનું સન્માન કરવામાં આવે છે. રાજા મહારાજાઓ પણ ગુરુની, ઋષિની સલાહ લેતા, માર્ગદર્શન મેળવતા. ગુરુ અને શિષ્યના પવિત્ર સંબંધોના શ્રેષ્ઠ ઉદાહરણનો ઈતિહાસ સાક્ષી છે. શિસ્ત,ક્ષમા અને કલાનો ત્રિવેણી સંગમ એટલેજ શિક્ષક.વિદ્યાર્થીની આળસ ખંખેરનાર, બાળકના જીવન ઘડતરમાં અગત્યનો ભાગ ભજવનાર અને ભારતના ભાવિનો ઘડવૈયો એટલે જ શિક્ષક. બાળકનોએ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ છે. તે બાળકને સાચી દિશા દર્શાવી સંસ્કારોનું સિંચન કરે છે. બાળકને તેના ધ્યેય સુધી પહોંચવામાં, તેના સ્વપ્નોને સાકાર કરવામાં માર્ગદર્શન આપે છે. તેના હૈયામાં સતત તેના વિદ્યાર્થીઓનું હિત રહેલું હોય છે. મીણબત્તીની જેમ પોતે ઘસાઈને બીજાને રસ્તો બતાવવા પ્રકાશ પાથરે છે. તે સમાજના સર્વાંગી વિકાસનો આધાર સ્તંભ અને રાષ્ટ્રની સંસ્કૃતિનો ધરોહર છે.

શિક્ષક વિદ્યાર્થીને સિદ્ધિના ઉચ્ચ સોપાનો સર કરવામાં, તેનો સર્વાંગી વિકાસ કરવામાં, તેને સ્વાવલંબી બનાવવામાં, તેની કારકિર્દી ઘડવામાં તન, મન અને ધનથી સહકાર આપે છે. તેને સમય આપે છે. જરૂર પડે તો તેની ફી ભરે કે અભ્યાસમાં આર્થિક સહાય કરી, મૂંઝવણ કે સમસ્યામાં માર્ગદર્શન આપે છે. તેનું મિશન જ બાળ અને યુવા ચિત્તને પ્રજ્વલ્લીત કરી યોગ્ય દિશામાં તેમને વાળવાનું છે. શિક્ષક કોઈપણ રાષ્ટ્ર માટે કરોડરજ્જુ સમાન છે. તે વિદ્યાર્થીને ઘડવાનું મહાન કાર્ય કરે છે. ગુરુ કરતા ચેલો (શિષ્ય) સવાયો નીકળે, વધુ પ્રગતિ કરે ત્યારે શિક્ષકની છાતી ગજગજ ફૂલે છે, તેને અનહદ આનંદ મળે છે. એક લેખકે સાચું જ કહ્યું છે, ' મારો જન્મ મારા માતા-પિતાને આભારી છે પણ મારું જીવન મારા શિક્ષકને આભારી છે '.

આજના આ યાદગાર દિવસે શિક્ષક સાચા અર્થમાં બાળક માટે પ્રેરણા સ્ત્રોત બની, આદર્શ શિક્ષકનો રોલ અદા કરી, ઉત્તમ, નમૂનારૂપ આદર્શ જીવન જીવી બાળકોને ચારિત્રય અને સંસ્કારોનું સિંચન કરે તેજ અભ્યર્થના. શિક્ષણ ક્ષેત્રના તમામ ગુરુજનોને મારા લાખ લાખ વંદન.

શરીરમાં વિટામિન ડીના ફાયદા

લેખક - દીનાબેન ગોપાણી કેનેડા

વિટામિન ડી શરીરમાં સીરમ, કેલ્શિયમ અને ફોસ્ફરસની યોગ્ય માત્રા જાળવવામાં મદદ કરે છે. આ ચેપ સામે શરીરની પ્રતિકાર વધારે છે.

વિટામિન ડીના સેવનથી હાડકાના દુખાવામાં રાહત મળે છે. સ્નાયુઓ મજબૂત બને છે અને થાક અને નબળાઈ દૂર થાય છે.

વિટામિન ડી બાળકોના હાડકાના યોગ્ય વિકાસમાં મદદ કરે છે. જેના કારણે શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ યોગ્ય રહે છે.

વિટામિન ડી આપણા શરીરને રોગોથી બચાવે છે. તે શરીરની રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે.

વિટામિન ડી નર્વસ સિસ્ટમ અને ચેતાને સુધારે છે. મનની યોગ્ય કામગીરીમાં મદદ કરે છે.

વિટામિન ડીની યોગ્ય માત્રા શરીરમાં ડિપ્રેશન દૂર કરવાનું કામ કરે છે.

વિટામિન ડીનું સેવન શરીરમાં પ્રોટીનની માત્રાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

વિટામિન્સનું સેવન કરવાથી તમે વારંવાર બીમાર થતા નથી. આ તમામ પ્રકારના ચેપ સામે લડવામાં મદદ કરે છે.

વિટામિન ડીના સેવનથી વાળ ખરવાની સમસ્યા ઓછી થાય છે. સોરાયસીસ, કબજિયાત અને ડાયેરિયાની સમસ્યા નથી.

વિટામિન ડી બ્લડ શુગર અને ગ્લુકોઝને કંટ્રોલ કરે છે, સાથે જ ડાયાબિટીસની સમસ્યાથી પણ છુટકારો મળે છે.

વિટામિન ડીનો મુખ્ય સ્ત્રોત

વિટામિન ડીનો શ્રેષ્ઠ સ્ત્રોત સૂર્યપ્રકાશ છે, જેમાં અલ્ટ્રાવાયોલેટ B (UVB) હોય છે. સૂર્યના કિરણો ત્વચામાં રહેલા 7-ડિહાઇડ્રોકોલેસ્ટેરોલ સંયોજન સાથે વિટામિન D3 બનાવવા માટે કામ કરે છે. આ જ પ્રક્રિયા સૂર્યમાં ઉગતા છોડમાં થાય છે. સૂર્યમાંથી નીકળતા અલ્ટ્રાવાયોલેટ કિરણો છોડમાં મળતા તેલ સંયોજન સાથે મળીને વિટામિન D2 બનાવે છે.

વિટામિન ડી 3ના સ્ત્રોત

વિટામિન D3 તમને પ્રાણીઓમાંથી મળે છે - જેમ તમે ઈંડા, માછલી, માછલીનું તેલ, દૂધ, દહીં, માખણ અને અન્ય આહાર સપ્લીમેન્ટ્સ લેવાથી વિટામિન D3ની ઉણપ પૂરી થઈ શકે છે.

પવિત્ર યંત્રો વડે તમારા ઘરનું પ્રવેશદ્વાર ઉર્જાવાન બનાવો

જ્યોતિષ-આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી-કેનેડા



જો કદાચ નકશા પ્રમાણે તમારું પ્રવેશદ્વાર ના હોય તો પવિત્ર યંત્રો વડે તેને ઉર્જાવાન બનાવી શકાય છે તેના માટે મનમાં કોઈ ખોટો ભ્રમ રાખવાની જરૂર નથી.

મુખ્ય દ્વાર ઉપર હંમેશા લાઈટ મૂકો મુખ્ય દ્વાર ક્યારેય પણ અંધારામાં ન હોવું જોઈએ તે શક્ય હોય તો પૂર્વ તરફ વધુ સારું પરિણામ આપે છે, કારણ કે ઉગતો સૂર્ય હકારાત્મક ઊર્જા અને સમૃદ્ધિ ઘરમાં લાવી શકે છે.

ઘરના તમામ દરવાજા ઘરમાં અંદરની તરફ અને બારીઓ ઘરની બહાર તરફ ખુલવી જોઈએ ઘરનું મુખ્ય દ્વાર હંમેશા અન્ય દરવાજા કરતા મોટું હોવું જોઈએ અને શક્ય હોય તો બે ભાગમાં દરવાજો વધુ સારું પરિણામ આપે છે.

ઘરના આગળના ભાગથી શરૂ કરી અંત સુધી એક જ રેખામાં ત્રણ કે તેથી વધુ દરવાજા વાસ્તુ પ્રમાણે અશુભ ગણાય છે તમારા ઘરની બહારના ભાગમાં તમે જેમાં પણ વિશ્વાસ રાખતા હોય એવા ઈષ્ટદેવના નામની તકતી જરૂર મુકવી સલાહભરી છે જેથી પ્રારબ્ધ તમને સરળતાથી શોધી શકે એવું માનવામાં આવે છે પરંતુ એક વાત ચોક્કસ છે કે વાસ્તુશાસ્ત્રના કોઈપણ શુભ પરિણામ માટે તમારી શ્રદ્ધા અને વિશ્વાસ અગત્યનો ભાગ ભજવે છે.

તમારે નિયમિત રીતે તમારા ઘરની બહાર જે ઈષ્ટદેવની પ્રતિકૃતિ મૂકી હોય તેની સામે દરરોજ તમારી વીસ બોલવી એટલે કે ઈચ્છા પ્રભુ સમક્ષ વિનંતી રૂપે રજૂ કરવી જોઈએ કે હે પ્રભુ મારો પરિવાર તમારા આધારે છે અને તમારા શરણમાં છે. મારા પરિવારનું દરેક રીતે રક્ષણ કરશો આવી આવી પ્રાર્થના વારંવાર કરવાથી અવશ્ય સારું પરિણામ મળશે.



કથા, વાસ્તુ, ઉદ્ઘાટન, સીમંત તથા કર્મકાંડના કેનેડામાં કોઈપણ કામ માટે ભૂદેવ શ્રી મહેશભાઈ ત્રિવેદીનો સંપર્ક કરો

Watts app Only

+91 97376 91232

Shatri For Any Hindu Ritual

Navchandi, Vastu Puja, Satynarayn Katha, Gruh Pravesh Puja ,Engagement Gunank,, Divali Puja, Lakshmi Puja, And All Others

Pandit Maheshbhai Vyas
47,McMurchy Ave N
Brampton
ON L6X1X5
Call:647 881 9054
Email : mpvyas2007@yahoo.com